# લાંચમાં ઝડપાયેલા ચીફ ફાયર ઓફિસર ડોંગરેને ટર્મિનેટ કરાયા

**છ** ફાયર એનઓસી માટે રૂ.36 હજારની લાંચ કેસમાં અમદાવાદ પાલિકાનાં પગલાંથી ફફડાટ

અમદાવાદ : છ ફાયર એનઓસી મંજૂર કરાવવા માટે રૂ.36 હજારની લાંચ લેવાના કેસમાં એસીબીના હાથે ઝડપાયેલા અમદાવાદ મહાનગરપાલિકાના પ્રોબેશનરી ચીફ ફાયર ઓફિસર અમિતકુમાર આનંદરાવ ડોંગરે સામે મનપાએ કડક કાર્યવાહી કરતાં તેમને સેવામાંથી ટર્મિનેટ કરી દીધા છે. લાંચના કેસમાં ધરપકડ બાદ શરૂઆતમાં સસ્પેન્ડ કરવામાં આવેલા ડોંગરે પ્રોબેશન પર હોવાથી મનપાએ લાંબી ખાતાકીય તપાસ કર્યા વિના તેમને સેવામાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. પોલીસ કસ્ટડીમાં રહેલા ડોંગરેને મનપાનો ટર્મિનેશનનો હુકમ પણ બજાવી દેવામાં આવ્યો છે.

ફાયર એનઓસી મંજૂર કરાવવા માટે એનઓસી દીઠ રૂ.6 હજાર લેખે છ બિલ્ડિંગ માટે કુલ રૂ.36 હજારની લાંચ માગવામાં આવી હોવાની ફરિયાદના આધારે વડોદરા એસીબીની ટીમે 7 ઓગસ્ટે મેમનગરના વિજય ચાર રસ્તા નજીક યશ એક્વા કોમ્પ્લેક્સ પાસે છટકું ગોઠવ્યું હતું. ડોંગરે વતી લાંચની રકમ સ્વીકારતા ખાનગી વચેટિયા ભાવસિંહ પ્રતાપભાઈ ઝાલાને એસીબીએ રંગેહાથ ઝડપી લીધો હતો.

ટ્રેપ દરમિયાન વચેટિયાએ ડોંગરે સાથે ફોન પર વાતચીત કરી હતી. આ દરમિયાન લાંચની રકમ અંગે સંમતિ દર્શાવતી વાતચીતના પ્રાથમિક પુરાવા મળતાં ડોંગરે સામે પણ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. બંને આરોપીઓને 12 ઓગસ્ટના સાંજે પાંચ વાગ્યા સુધીના પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યા છે. એસીબીની તપાસ દરમિયાન ડોંગરેના નિવાસસ્થાનેથી રૂ.1.10 લાખ રોકડા મળી આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. ઉપરાંત તેમના ત્રણ બેંક ખાતાં અને લોકરો ફ્રીઝ કરીને તેમની મિલકતો તથા આવકના પ્રમાણમાં સંપત્તિ અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

લાંચના કેસમાં ધરપકડ બાદ મનપાએ ડોંગરે સામે તાત્કાલિક વહીવટી કાર્યવાહી કરી છે. પ્રોબેશનરી અધિકારી હોવાના કારણે નિયમો મુજબ તેમને સેવામાંથી ટર્મિનેટ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આમ, ફાયર એનઓસીના બદલામાં લાંચના આ પ્રકરણમાં એસીબીની કાર્યવાહી બાદ મનપાએ પણ કડક પગલું ભરતાં ચીફ ફાયર ઓફિસરનું પદ ગુમાવવાનો વારો આવ્યો છે.

# બે દિવસમાં ૧,૭૦૫ કિલો એનાલોગ પનીર જપ્ત

**રાજ્યભરમાં** ૮૪૨ પેઢીઓમાં દરોડા-તપાસ



ગાંધીનગર : પનીર અને ચીઝના નામે ગ્રાહકોને ડેરી એનાલોગ પધરાવીને નફો કમાવાના કારસાઓ સામે રાજ્ય સરકારે કડક કાર્યવાહી શરૂ કરી છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા બનાવટી અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના ઉત્પાદન-વેચાણને અટકાવવા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં વ્યાપક દરોડા અને આકસ્મિક તપાસની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તા. ૬ અને ૭ ઓગસ્ટ દરમિયાન માત્ર બે દિવસમાં રાજ્યની ૮૪૨ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કૂલ ૧,૭૦૫ કિલોગ્રામ ડેરી એનાલોગનો જથ્થો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૫.૨૮ લાખ થાય છે. તંત્ર દ્વારા જપ્ત કરાયેલો સમગ્ર જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

### બે દિવસની કાર્યવાહી એક નજરે

**કુલ તપાસાયેલી પેઢીઓ: ૮૪૨** » જપ્ત અને નાશ કરાયેલ ડેરી એનાલોગ: ૧,૭૦૫ કિલોગ્રામ » કુલ અંદાજિત કિંમત: રૂ. ૫.૨૮ લાખ » વડોદરા: ૪૭૧ કિલોગ્રામ, રૂ. ૧.૫૦ લાખ » સુરત, તા. ૬: ૨૩૫ કિલોગ્રામ, રૂ. ૫૮ હજારથી વધુ » રાજકોટ: ૧૧૫ કિલોગ્રામ, રૂ. ૩૦ હજારથી વધુ » જૂનાગઢ, તા. ૭: ૫૮૫ કિલોગ્રામ, રૂ. ૨.૦૪ લાખથી વધુ » સુરત, તા. ૭: ૨૭ કિલોગ્રામ, રૂ. ૬,૭૫૦ » જામનગર: ૨૯ કિલોગ્રામ, રૂ. ૬,૫૦૦

# વિખ્યાત હિન્દુ મંદિરોમાં અબજો રૂપિયાના દાનની ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે



અયોધ્યાના રામ મંદિરમાં ૨૦૦ કરોડ રૂપિયાના દાનની ચોરીનું કૌભાંડ બહાર આવ્યું તે પછી દેશનાં અનેક વિખ્યાત મંદિરોમાં પણ દાનની ચોરીના સમાચાર આવી રહ્યા છે. દેશના સૌથી ધનિક મંદિર તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરનું મંદિર પણ આવા વિવાદથી મુક્ત નહોતું અને સબરીમાલા મંદિર પણ તેમાંથી બાકાત રહ્યું નથી. હવે મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં દાનની રકમમાં છેતરપિંડીના આરોપોનો મુદ્દો મહારાષ્ટ્રના રાજકારણમાં પણ જોર પકડી રહ્યો છે. ફિલ્મસ્ટારોના માનીતા સિદ્ધિવિનાયક મંદિરના એક ટ્રસ્ટીએ આરોપ લગાવ્યો છે કે દર વર્ષે દાનપેટીમાંથી આશરે ૧૮ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવે છે. મુંબઈના પ્રભાદેવીમાં આવેલું સિદ્ધિવિનાયક મંદિર દેશના સૌથી પ્રખ્યાત ગણેશ મંદિરોમાંનું એક માનવામાં આવે છે. નવસાલા પવનાર ગણપતિ તરીકે ઓળખાતું આ મંદિર દરરોજ હજારો ભક્તોને આકર્ષે છે. રાજકીય વ્યક્તિઓ, ફિલ્મ સ્ટાર્સ અને ઉદ્યોગપતિઓથી લઈને સામાન્ય ભક્તો દ્વારા ઉદારતાથી દાન આપવામાં આવે છે. પરિણામે, મંદિરની દાનપેટીમાં કરોડો રૂપિયા આવે છે.

એવો દાવો કરવામાં આવ્યો છે કે દાનની ચોરી બદલ નવ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમને હટાવ્યા પછી સાપ્તાહિક દાન ૫૦ લાખ રૂપિયાથી વધીને આશરે ૧.૫૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. નાણાંકીય અનિયમિતતાના આરોપોએ ભક્તોમાં ચિંતા વધારી છે. એક ટ્રસ્ટીએ લગભગ ૧૦ દિવસ પહેલાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને પત્ર લખીને આ મામલાની તપાસની માંગણી કરી હતી. આ પત્ર જાહેર થયા પછી આ મામલો ચર્ચામાં આવ્યો હતો. ભ્રષ્ટાચારવિરોધી બ્યુરો (ACB) એ આ મામલે કડક વલણ અપનાવ્યું છે અને અત્યાર સુધીમાં ૪૫ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી છે. CCTV ફૂટેજની સંપૂર્ણ તપાસ બાદ આમાંથી દસ આરોપીઓને જેલના સળિયા પાછળ મોકલી દેવામાં આવ્યા છે. આ કાર્યવાહી બાદ સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના પ્રમુખ સદા સર્વણકરે એક પ્રેસ કોન્ફરન્સ યોજી અનેક સનસનાટીભર્યા ખુલાસા કર્યા હતા. સદા સર્વણકરે દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલો મુખ્ય આરોપી રાજન પેંડુલકર અને તેના સહયોગીઓ શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) ના વરિષ્ઠ નેતા વિશાખા રાઉત સાથે જોડાયેલા છે.દેશના સૌથી ધનિક મનાતા તિરુપતિ બાલાજી મંદિરમાં પણ ચોરી અને તેના પગલે હત્યાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. એપ્રિલ ૨૦૨૩ ના છેલ્લા અઠવાડિયામાં મંદિરમાં તૈનાત સહાયક તકેદારી અને સુરક્ષા અધિકારી વાય. સતીશકુમારે તિરુમાલાના ટાઉન-૧ પોલીસ સ્ટેશનમાં સીવી રવિકુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. રવિ કુમારનું કામ તેમને ફાળવવામાં આવેલી કરન્સી બાસ્કેટમાંથી યુએસ ડોલરને અલગ કરવાનું હતું. સતીશકુમારે આરોપ લગાવ્યો કે તેમણે રવિકુમારના હાથ વિચિત્ર રીતે તેમના ગુપ્ત ભાગો તરફ ફરતા જોયા હતા. કર્મચારીઓ અને નોકરોને ફક્ત ધોતી પહેરીને જ મતગણતરી રૂમમાં પ્રવેશવાની મંજૂરી છે. તેમને તેમના અન્ડરવેર સાથે પ્રવેશવાની મંજૂરી નથી. સતીશે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે રવિકુમારે નવ યુએસ ડોલરની ૧૦૦ નોટો ચોરી કરી હતી. ફરિયાદની તપાસ કરવામાં આવી હતી અને પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સતીશકુમારનો મૃતદેહ તડીપત્રી નજીક રેલ્વે ટ્રેક પરથી મળી આવ્યો હતો. આ કેસ ફરીથી હાઇકોર્ટમાં ગયો, જ્યાં કોર્ટે ૨ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. થોડા દિવસો પછી રવિકુમાર એક વાયરલ વીડિયોમાં દેખાયો હતો. તેમાં તેણે કહ્યું કે તેણે પાપ કર્યું છે અને પ્રાયશ્ચિત્ત તરીકે તેની ૯૦ ટકા સંપત્તિ, જે ૧૪ કરોડ રૂપિયાની હોવાનું કહેવાય છે, તે મંદિરમાં દાનમાં આપી દીધી છે. JCID ને સતીશકુમારના મૃત્યુની તપાસ ઝડપી બનાવવા માટે કહેવામાં આવ્યું હતું. તપાસનો હેતુ એ નક્કી કરવાનો હતો કે તે અનંતપુર જિલ્લામાં ટ્રેનમાંથી પડી ગયો હતો કે પછી તે હત્યાનો કેસ હતો.

તિરુપતિમાં ડોલરચોરીના આરોપો સામે આવ્યા હતા, જ્યારે સબરીમાલામાં સોનું ગાયબ થઈ ગયું હતું. ગુમ થયેલ

ટ્રુથ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

સોનું સાડા ચાર કિલોગ્રામ હોવાનો અંદાજ છે. દાવાઓ અનુસાર આ ગુમ થયેલું સોનું દરવાજા અને દ્વારપાલો (રક્ષક દેવતાઓ) પર તાંબાના આવરણથી બદલવામાં આવ્યું હતું. સોનાનું પ્લેટિંગ ૧૯૯૮માં કરવામાં આવ્યું હતું.

આશ્ચર્યજનક વાત એ છે કે ૨૦૧૯ થી ૨૦૨૫ ની વચ્ચે તે સોનાને તાંબાથી બદલવામાં આવ્યું હતું. નેશનલ મેટલર્જિકલ લેબોરેટરી (CSIR-NML) ના તાજેતરના અહેવાલ દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. હકીકતમાં મંદિરમાંથી ૩૦.૨૯ કિલોગ્રામ સોનું કાઢવામાં આવ્યું હતું. જ્યારે ભગવાન અયપ્પાની વાર્તાઓ દર્શાવતા દરવાજા, થાંભલા અને પેનલ પરત કરવામાં આવ્યા ત્યારે ૪.૫૪ કિલોગ્રામ સોનું ગાયબ હોવાનું કહેવાય છે. કેરળ હાઈકોર્ટે આ કેસનું સ્વતઃ સંજ્ઞાન લીધું અને સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે એક ડગલું આગળ વધીને SIT ને સીધો કોર્ટમાં રિપોર્ટ મોકલવાનો આદેશ આપ્યો હતો. મંદિરના મુખ્ય પૂજારી કંદાવરુ રાજીવરુ અને તેમના સહાયક ઉન્નીકૃષ્ણન પોટ્ટીની વિશ્વાસઘાત, બનાવટ અને કાવતરાના ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી છે. ઉન્નીકૃષ્ણન પોટ્ટીને ચોરીનો મુખ્ય આરોપી માનવામાં આવે છે.કેદારનાથ મંદિરના યાત્રાળુ પૂજારી અને ચાર ધામ મહાપંચાયતના ઉપપ્રમુખ સંતોષ ત્રિવેદીએ મંદિરને દાનમાં આપેલા ૨૩.૭૮ કિલો સોનાની ચોરીનો આરોપ લગાવ્યો છે. આ સોનાનો ઉપયોગ મુંબઈના એક ઉદ્યોગપતિ દ્વારા ગર્ભગૃહની દિવાલો પર પ્લેટિંગ તરીકે કરવામાં આવ્યો હતો. ૧૮ જૂનના રોજ, ગૌતમ નૌટિયાલ નામના X હેન્ડલરે મંદિરના ગર્ભગૃહમાં પોલિશિંગના કામનો એક વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં કેટલાક કારીગરો સોનાને પોલિશ કરતા જોવા મળ્યા હતા. વીડિયોગ્રાફરે કારીગરોને પૂછ્યું કે સોનાને પોલિશ કરવાનું કારણ શું છે. તેમણે કારીગરોને પ્રશ્ન કર્યો કે મંદિર બંધ થયા પછી, તેઓ રાત્રે આ કામ કેમ કરી રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા પછી યાત્રાધામના પૂજારીઓએ નવો મોરચો માંડ્યો. તેઓ પહેલાથી જ સોનાના ઢોળનો વિરોધ કરી રહ્યા હતા. સંતોષ ત્રિવેદીએ આરોપ લગાવ્યો છે કે કેદારનાથ મંદિરમાં સ્થાપિત ૨૩ કિલોગ્રામ સોનું ચોરાઈ ગયું છે, કારણ કે સોનાના ઢોળ સ્થાપિત થયા પછી તેને પોલિશ કરવાની કોઈ જરૂર નહોતી. ગર્ભગૃહની દિવાલો પર રસાયણોનો ઉપયોગ થઈ રહ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૨ માં, જ્યારે સમાચાર આવ્યા કે કેદારનાથ મંદિરને સોનાથી ઢાંકવામાં આવશે, ત્યારે તેનો વ્યાપક વિરોધ થયો હતો. પૂજારી આચાર્ય સંતોષ ત્રિવેદીએ જણાવ્યું હતું કે કેદારનાથ એક મુક્તિસ્થાન છે અને મુક્તિસ્થાનોમાં સોનાનો ઉપયોગ થતો નથી. પ્લેટિંગ માટે ડ્રિલ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી ગર્ભગૃહની દિવાલોને નુકસાન થયું હતું.

ગુજરાતમાં પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં પણ દાનચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ કેસમાં સીસીટીવી ફૂટેજમાં મુખ્ય આરોપી ચિરાગ ઠાકોર ૨૧ એપ્રિલના રોજ નોટોના બંડલ છુપાવીને ચોરી કરતો જોવા મળ્યો હતો. ૭ મેના રોજ ચિરાગ ઠાકોર રૂ. ૧.૦૪ લાખનું નોટોનું બંડલ ખિસ્સામાં છુપાવી બાથરૂમ જવાના બહાને બહાર નીકળ્યો હતો. આ મામલે બનાસકાંઠાના અધિક કલેક્ટરની ફરિયાદના આધારે અંબાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો. ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ હાલ આરોપીઓ કોર્ટમાંથી જામીન મેળવી મુક્ત થયા છે. અંબાજી મંદિરમાં દાન ચોરીના વિવાદ બાદ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા હતા અને આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા તંત્ર દ્વારા નવી વ્યવસ્થા અમલમાં મૂકાઈ હતી. હવે દાન ગણતરીની પ્રક્રિયામાં વર્ગ ૪ અને તમામ આઉટ સોર્સિંગ કર્મચારીઓને સંપૂર્ણપણે દૂર કરાયા છે. ભંડાર કક્ષમાં લગભગ ૨૦ હાઇટેક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. અંબાજીમાં દાનચોરીની ઘટનાને પગલે શ્રદ્ધાળુઓ રોષે ભરાયાં છે. દાનચોરીની ઘટનામાં સંડોવાયેલાં આરોપીઓને કડક સજા કરવાની માંગણી ઊઠી છે. એક તરફ ભાજપના રાજમાં હિન્દુત્વની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ યાત્રાધામોમાં દાનપેટીઓ પણ સલામત રહી નથી. આ જોતાં યાત્રાધામોની સુરક્ષાને લઈને સવાલો ઊઠ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**તિરુપતિમાં ડોલરની ચોરીના આરોપો સામે આવ્યા હતા, જ્યારે સબરીમાલામાં સોનું ગાયબ થઈ ગયું હતું. ગુમ થયેલું સોનું સાડા ચાર કિલોગ્રામ હોવાનો અંદાજ છે**

# શ્રાવણમાં ઘર બેઠા મેળવો સોમનાથ અને કાશી વિશ્વનાથનો પ્રસાદ

**શિવના** ભક્તો માટે ભારતીય ડાક વિભાગની પહેલ

અમદાવાદ : પવિત્ર શ્રાવણ મહિનામાં ભગવાન શિવના ભક્તો માટે ભારતીય ડાક વિભાગ દ્વારા સ્પીડ પોસ્ટ સેવા મારફતે દેશના કોઈપણ ખૂણેથી ઘેર બેઠા પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ અને કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ મંગાવી શકાશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે શ્રી સોમનાથ ટ્રસ્ટ અને ભારતીય ડાક વિભાગ વચ્ચે થયેલા કરાર અંતર્ગત શ્રદ્ધાળુઓ રૂ.270નો ઈ-મનીઓર્ડર મોકલીને સોમનાથનો પ્રસાદ મંગાવી શકશે. આ માટે ઈ-મનીઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો-જૂનાગઢ, ગુજરાત-362268ના નામે મોકલવાનો રહેશે અને તેમાં પ્રસાદ માટે બુકિંગનો ઉલ્લેખ કરવો પડશે. ઈ-મનીઓર્ડર મળ્યા બાદ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તના સરનામે 400 ગ્રામનું પ્રસાદ પેકેટ સ્પીડ પોસ્ટથી મોકલવામાં આવશે. આ પેકેટમાં 200 ગ્રામ બેસનના લાડુ, 100 ગ્રામ તલની ચિક્કી અને 100 ગ્રામ માવાની ચિક્કીનો સમાવેશ થાય છે. તે જ રીતે વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ અને ભારતીય ડાક વિભાગ વચ્ચેના કરાર હેઠળ ભક્તો રૂ.251નો ઈ-મનીઓર્ડર મોકલીને કાશી વિશ્વનાથનો પ્રસાદ પણ ઘેર બેઠા મેળવી શકશે.

# પાકિસ્તાનની જેલમાં વર્ષોથી કેદ સજા પૂર્ણ: ૧૯૮ માછીમારોને છોડવા માગ

**ગુજરાતના** ૧૭૪ માછીમાર અજાણતામાં દરિયાઈ સીમા ઓળંગી ગયા હતા

અમદાવાદ : ભારત અને પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસની ઉજવણી નજીક આવી રહી છે ત્યારે બંને દેશોની જેલોમાં સજા પૂર્ણ કર્યા બાદ પણ અટવાયેલા માછીમારોની તાત્કાલિક મુક્તિ અને વતન પાછા લાવવા નેશનલ ફિશવર્કર્સ ફોરમ (NFF), પાકિસ્તાન-ઈન્ડિયા પીપલ્સ ફોરમ ફોર પીસ એન્ડ ડેમોક્રેસી (PIPFPD) તથા પાકિસ્તાન ફિશરફોક ફોરમ (PFF)એ ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાનોને સંયુક્ત પત્ર પાઠવી માનવતાવાદી ધોરણે કાર્યવાહી કરવા અપીલ કરી છે. નેશનલ ફિશવર્કર્સ ફોરમના ઉસ્માનગની શેરાસિયા અને જુદી જુદી સંસ્થાઓ સાથે જોડાયેલા સિનીયર જર્નાલિસ્ટ જતીન દેસાઈએ જણાવ્યું હતુ કે મુજબ હાલમાં ૧૯૮ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે, જ્યારે ૫૩ પાકિસ્તાની માછીમારો ભારતની જેલોમાં હોવાનું જણાવાયું છે. પાકિસ્તાનની જેલમાં રહેલા અનેક ભારતીય માછીમારો પોતાની સજા પૂર્ણ કરી ચૂક્યા હોવા છતાં તેમની મુક્તિ અને વતન વાપસી થઈ નથી. ઉપલબ્ધ વિગતો અનુસાર ૧૦ ભારતીય માછીમારોએ ૧૬ જુલાઈ ૨૦૨૧ના રોજ, ૧૧૫ માછીમારોએ ૧૬ માર્ચ ૨૦૨૨ના રોજ, ૨૧ માછીમારોએ ૧૭ નવેમ્બર ૨૦૨૨ના રોજ, ૧૦ માછીમારોએ ૩૦ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ અને ૨૨ માછીમારોએ ૧૮ જુલાઈ ૨૦૨૪ના રોજ સજા પૂર્ણ કરી હતી. પાકિસ્તાનની જેલ સજા માફી બંધ ૧૯૮ ભારતીય માછીમારોમાંથી અંદાજે ૧૭૪ માછીમારો ગુજરાતના છે.

## BUSINESS મિત્ર

# FPIsની વાપસી: ભારતીય બજારમાં વિદેશી રોકાણકારોની નવી 'સ્ટ્રેટેજી'!

**કેપિટલ** ગુડ્ઝ અને ઓટોમાંથી નાણાં પાછા ખેંચી હેલ્થકેર તેમજ કન્ઝ્યૂમર સેક્ટરમાં ઉભરાયો રૂ. 25,000 કરોડથી વધુનો પ્રેમ

મુંબઈ, તા. 8: લાંબા સમયથી ભારતીય શેરબજારથી અળગા રહેલા વિદેશી રોકાણકારો ફરી એકવાર ભારતીય શેરબજાર તરફ વળી રહ્યા છે અને જુલાઈમાં તેઓએ પ્રવેશ કર્યો હતો, પરંતુ આ વખતે વિદેશી રોકાણકારોએ અલગ સ્ટ્રેટજી અપનાવતા જોવા મળ્યા હતા, તેઓએ કેપિટલ ગુડઝ, ટેલિકોમ અને ઓટો સેક્ટરમાંથી દૂર થવાનું શરૂ કરી દીધું છે, તેના બદલે તેઓ હેલ્થકેર, કન્ઝ્યુમર સર્વિસીસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ કંપનીઓમાં રોકાણ કરતા જોવા મળ્યા છે.

એનએસડીએલ અનુસાર એફપીઆઈના આંકડા જોતાં જુલાઈમાં કન્ઝ્યુમર સર્વિસીસ, હેલ્થકેર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં કુલ રૂ. 25298 કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું, જે જુલાઈમાં ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારો દ્વારા લગભગ રૂ. 20200 કરોડનું રોકાણ કર્યુ છે. જેમાં કન્ઝ્યુમર સર્વિસીસ પ્રથમ પસંદગી રહી હતી. આ સેક્ટરમાં રૂ. 10201 કરોડનું રોકાણ થયું હતું, ત્યારબાદ રૂ. 7755 કરોડ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં રૂ. 7342 કરોડનું રોકાણ કર્યુ હતું.

આમ, જુનની સરખામણીએ જુલાઈમાં વ્યૂહરચનામાં મોટો ફેરફાર જોવાયો હતો. જુનમાં આ ત્રણેય સેક્ટરમાં માત્ર રૂ. 93 કરોડનું રોકાણ હતું, જેમાં કન્ઝ્યુમર સર્વિસીસમાં 1229 કરોડ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં 1930 કરોડનું રોકાણ કર્યુ હતું, પણ હેલ્થકેર સેક્ટરમાંથી રૂ. 3066 કરોડનું આઉટફ્લો થયું હતું. જુન મહિનામાં વિદેશી રોકાણકારોએ કેપિટલ ગુડઝમાંથી સૌથી વધુ રૂ. 6275 કરોડ ઉપાડ્યા હતા, ત્યારબાદ ટેલિકોમ સેકટરમાંથી રૂ. 5725 કોરડ અને ઓટો સેકટરમાંથી રૂ. 4564 કરોડના શેર વેચવામાં આવ્યા હતા. જોકે, ઓટોમોબાઈલ સેકટરમાં આઉટફ્લો જુનની તુલનામાં થોડો ઓછો હતો. જુનમાં આ સેકટરમાંથી રૂ. 10368 કરોડ ઉપાડવામાં આવ્યા હતા, જ્યારે જુલાઈમાં તે ઘટીને રૂ. 4564 કરોડ થઈ ગયા હતા. આ હોવા છતાં આ ક્ષેત્રમાંથી ઉપાડનું સ્તર ખુબ ઉંચું રહ્યું હતું.

વિદેશી રોકાણકારોએ આઈટી સેકટરમાં પણ વલણ બદલ્યું છે. જુનમાં આ સેકટરમાંથી રૂ. 7466 કરોડનો આઉટફલો હતો, તે જુલાઈમાં રૂ. 3358 કરોડનું રોકાણ હતું. જોકે, હજુય આઈટી સેકટરમાં રોકાણ વધે તેવું લાગી રહ્યું છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૪૮૦ |
| તેજાબી સોનું | ૧૫૫૩૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૭૧૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૨૩૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૪૮૦૦ |
| ચાંદી (૯૯) | ૨૩૬૭૫૦ |
| ચાંદી સિક્કા | ૨૩૮૨૫૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| 30/24 બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| 30/36 એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

# GIDCના પ્લોટ પરના હકના ટ્રાન્સફર માટે મળતા અવેજ પર..GST લાગે નહીં

**નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો આખરી ચૂકાદો...**

**કાયદાની કેડીએ...**
**ઈશ્વર રૂદલાલ**

GIDCના પ્લોટના સીઝના હકની તબદીલી માટે મળેલ અવેજ પર GST ભરવા માટે ઘણાને ખાતા તરફ નોટિસો બજાવવામાં આવેલ ત્યારે ના.ગુજરાત હાઈકોર્ટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના કેસમાં તા. 3-1-25ના રોજ ચૂકાદો આપીને આવા પ્લોટના લીઝના હકને તબદીલ કરવા માટે મળેલ અવેજ પર GST લાગે નહી તેવો ચૂકાદો આપેલ. આ ચૂકાદાને ભારત સરકાર દ્વારા ના. સુપ્રિમકોર્ટમાં પડકારવામાં આવેલ અને હવે ના. સુપ્રિમકોર્ટ તા. 21-7-26ના ઓર્ડરથી ના.ગુજરાત હાઈકોર્ટના ચૂકાદા સામેની અપીલ નામંજૂર કરી છે, જે બાબત તરફ એક નથી નાંખીએ તો...

ઘણી વખત જેમને GIDC દ્વારા પ્લોટ લીઝ પર આપવામાં આવેલ હોય તેમના દ્વારા તે લીઝના હકનું GIDCની પરવાનગીથી અન્ય વ્યક્તિને અવેજ લઈને હસ્તાંતર કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં આવા GIDCના પ્લોટના લીઝના રંકની તબદીલી માટે મળેલ અવેજ ઉપર GST ભરવા માટે ઘણાને નોટિસો ફટકારવામાં આવેલ. ત્યારે... ના.ગુજરાત હાઈકોર્ટ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી લિ. યુનિયન ઓફ ઈન્ડિયાના તબદીલ કરવા માટે મળેલ અવેજ પર GST ન લાગે એવો ચૂકાદો આપેલ તો.. ના. ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાને ભારત સરકાર દ્વારા ના.સુપ્રિમકોર્ટ સમક્ષ પડકારવામાં આવેલ.

દરમ્યાનમાં ના. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને અનુસરીને ના.બોમ્બે હાઈકોર્ટ આપેલ સમાન પ્રકારના ચૂકાદા સામેની અપીલ તા. સુપ્રિમકોર્ટ તા. 22-5-26ના ચુકાદાથી સ્પે.લી.પી. 1872/2026ના નામંજૂર કરવામાં આવેલ. ત્યારે... પોતાના અગાઉનાં આ ચૂકાદાને અનુસરીને, ના.સુપ્રિમકોર્ટ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ- સ્પે.લી.પી. 33270/2025 ના કેસમાં તા. 21-07-2026ના ઓર્ડરથી ના.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ચૂકાદા સામેની અપીલ નામંજૂર કરી છે. ના. સુપ્રિમકોર્ટ ચૂકાદામાં જણાવ્યું કે આ કોર્ટ તા. 22-5-26ના રોજ આપેલ ચૂકાદો સ્પે.લી.પીટીશન નં. 18772/2026 ડિસમીસ કરી છે. ત્યારે તેના જેવી જ આ સ્પે.લી. પીટીશન ડિસમીસ કરીએ છીએ.

આમ ના. સુપ્રિમકોર્ટના ગુજરાત હાઈકોર્ટના ચૂકાદા સામેની અપીલ નામંજૂર કરેલ છે. ત્યારે એ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે GIDCના પ્લોટ પરના હકના હસ્તાંતર કરતાં મળતી રકમ પર GST લાગે નહી. ત્યારે આ સંજોગોમાં જે કોઈ વ્યક્તિએ GIDC પ્લોટના હકના હસ્તાંતર પેટે મળેલ રકમ પર GST ચૂકવેલ હોય તો તેઓને તેવા ચૂકવેલ વેરાનું રિફન્ડ કાયદેસર રીતે મળવાની છે, અને સમયમર્યાદા લાગુ પડે નહીં.

ના. ગુજરાત હાઈકોર્ટે મે. અસંધા, ટેક્ષક્રાફ્ટ, એન્જી.ના તા.12.12.24 ના ચૂકાદાથી ઠરાવ્યું છે કે ભૂલથી ભરાયેલ વેરાનું રિફન્ડ મેળવવા માટે કલમ 54માં ઠરાવવામાં આવેલ બે વર્ષની સમયમર્યાદા લાગુ પડે નહી. આથી જે ઉદ્યોગોએ 2 વર્ષથી વધુ સમય પહેલા GIDCના પ્લોટ પરના હકના હસ્તાંતર પેટે મળેલ અવેજ પર GSt ચૂકવેલ હોય તેઓને રિફન્ડ મેળવવા માટે સમયમર્યાદાનું બંધનું નડે નહી અને તેઓ રિફન્ડ મેળવી શકે છે અને...

રિફન્ડ મેળવવા સંબંધિત અધિકારીને મુકરર ફોર્મમાં અરજી કરવી જોઈએ.

# દેશમાં 5.25 લાખ ઘરો વેચાયા નથી

**એફોર્ડેબલ** હાઉસીંગમાં ઇન્વેન્ટરી ઘટી, પણ લક્ઝરી અને પ્રીમિયમ હાઉસીંગની વધી

નવી દિલ્હી, તા. 8: વૈશ્વિક અનિશ્ચિતતાની અસર રિયલ્ટી સેક્ટર ઉપર પણ જોવા મળી રહી છે. ગત ફેબ્રુઆરીથી ઈરાન-અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના તણાવના પગલે ઉંચા ક્રુડ ઓઈલ, ઉંચો ફુગાવો ભારતીય અર્થવ્યવસ્થાને હચમચાવી રહ્યો છે, ત્યારે રિયલ્ટી સેકટરમાં વેચાણ ઉપર અસર જોવા મળી રહી છે. 2026ના પ્રથમ છ મહિનાના અંતે દેશના મુખ્ય આઠ ભારતીય બજારોમાં અનસોલ્ડ હાઉસીંગ ઈન્વેન્ટરી વાર્ષિક ધોરણે 4 ટકા વધીને 525695 યુનિટ થઈ છે. જે ચિંતાજનક બાબત કહી શકાય.

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં હાઉસીંગ સેકટરનું ચિત્ર મિશ્ર રહ્યું હતું. એફોર્ડેબલ હાઉસીંગની ઈન્વેન્ટરી ધીમી ગતિએ ઓછી થતી જાય છે, પણ લક્ઝરી અને પ્રીમીયમ સેગમેન્ટમાં ઈન્વેન્ટરી વધી રહી છે.

આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો 50 લાખથી નીચેની કેટેગરીમાં એનસોલ્ડ ઈન્વેન્ટરી વાર્ષિક ધોરણે 7 ટકા ઘટીને 171363 યુનિટ થઈ હતી, જ્યારે 50 લાખથી એક કરોડના સેગમેન્ટમાં ઈન્વેન્ટરી 3 ટકા ઘટીને 134841 યુનિટ થઈ હતી. આ ઘટાડો મર્યાદિત નવા પુરવઠાના લીધે છે. જેનાથી વિપરીત એકથી બે કરોડના સેગમેન્ટમાં ઈન્વેન્ટરી વાર્ષિક ધોરણે 12 ટકા વધીને 65671 યુનિટ થઈ છે. 5થી 10 કરોડના સેગમેન્ટમાં ઈન્વેન્ટરીમાં 23 ટકા અને 20થી 50 કરોડની કેટેગરીમાં 52 ટકાનો ઉછાળો આવ્યો છે.

# ટેરિફ ધમકી સામે ભારત નમે નહીં: GTRIની અપીલ

**રશિયન** તેલ આયાત ચાલુ રાખવી જ હિતમાં

**નાણાકીય** વર્ષ 2026માં ભારતની ક્રુડ આયાતમાં રશિયાનો હિસ્સો 30.3 ટકા એટલે કે 40.8 અબજ ડોલરનો હતો

નવી દિલ્હી, તા. 8: ભારતે તેની ઉર્જા નીતિને ઉચ્ચ યુએસ ટેરિફની ધમકી પર આધારિત ન રાખવી જોઈએ, તેમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ-જીટીઆરઆઈએ જણાવતાં ઉમેર્યુ હતું કે, જ્યાં સુધી રશિયન ક્રુડ ઓઈલ ખરીદવા માટે વ્યાપારી રીતે સક્ષમ છે, ત્યાં સુધી ભારતે તે ખરીદતા રહેવું જોઈએ. આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયન ઊર્જા ખરીદવાનું ચાલુ રાખનારા દેશો પર દંડ લાદવા માટે વધુ સત્તા આપવા માટે આગળ વધી રહ્યું છે.

7 ઓગસ્ટના રોજ, યુએસ સેનેટે લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા અને ઈરાન એક્ટ 2026 ને 86-11 મતથી પસાર કર્યો. આ કાયદો યુએસ રાષ્ટ્રપતિને એવા દેશોના માલ પર 100 ટકા સુધીના વધારાના ટેરિફ લાદવાની મંજૂરી આપશે. જે રશિયન ક્રુડ ઓઈલ અથવા કુદરતી ગેસ ખરીદવાનું ચાલુ રાખે છે અને રશિયન ઊર્જાના પાંચ સૌથી મોટા ખરીદદારોમાં સામેલ છે.

જોકે, આ બિલ આપમેળે ભારત પર 100 ટકા ટેરિફ લાદતું નથી. કાયદો બનતા પહેલા, તેને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા મંજૂર કરવું આવશ્યક છે. 31 ઓગસ્ટે ગૃહ ફરી મળે ત્યારે આ કાયદા પર વિચારણા થવાની અપેક્ષા છે.

જો આ કાયદો લાગુ કરવામાં આવે, તો તે યુએસ રાષ્ટ્રપતિને ચોક્કસ દેશો પર ટેરિફ લાદવાની નોંધપાત્ર સત્તા આપશે. પ્રસ્તાવિત ટેરિફ એવા દેશો પર લાગુ થશે જે કાયદો અમલમાં આવ્યાના 30 દિવસ પછી રશિયન ક્રુડ ઓઈલ અથવા કુદરતી ગેસ ખરીદવાનું ચાલુ રાખે છે અને રશિયન ઊર્જાના પાંચ સૌથી મોટા ખરીદદારોમાં સામેલ છે. જેમાં ચીન, ભારત, સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાનનો સમાવેશ થાય છે. રશિયન ક્રુડ ખરીદવાના મામલે ભારત ખુલ્લુ પડી ગયું છે. નાણાકીય વર્ષ 2026માં ભારતની ક્રુડ આયાતમાં રશિયાનો હિસ્સો 30.3 ટકા હતો. આમ, કુલ 134.7 અબજ ડોલરના ક્રુડની આયાતમાંથી 40.8 અબજ ડોલરની ખરીદી થઈ હતી. આ ક્રુડ ઓઈલથી ભારતના આયાતી બિલને ઘટવામાં મદદ મળી છે. જેથી ફુગાવો નિયંત્રિત રહી શક્યો છે. જોકે, હવે ભારતે એ વિચારવાનું છે કે, રશિયાના આયાત બંધ કરવાથી કે અમેરિકામાં થતી નિકાસમાં ટેરિફ વધવાથી ઓછું નુકશાન થશે, તે દિશામાં આગળ વધશે.